ધી દાઉદી વોહરા વકફ એન્ડ
વસ્ટ વેલફેર એસોસીએશનનું
ભેટ પુસ્તક

નઝર-એ-હક

તૈયાર થાય છે !   તૈયાર થાય છે

દાઉદી વોહરા વકફ એન્ડ ટ્રસ્ટ વેલફેર એસોસીએશન તરફથી
પ્રકાશમાં આવનાર—

મીસીસ અબદેઅલી અમીરૂદીન સાલેહભાઈ તૈયબજી
વિરૂદ્ધ
હિઝ હોલીનેસ સરદાર તહેર સૈફુદીન

નિકાહ કેસનું સચિત્ર દળદાર પુસ્તક ટુંક સમયમાં બહાર પડશે.

જો—

☆ વડા મુલ્લાજીના અહંકારભર્યા દાવાઓ અને તેમનો બલજબરીથી અમલ કરાવની કાર્યનીતિનો ચિતાર જાણવો હોય તો—

☆ નિકાહ સંબંધી ખુદાતઆલા, નબીસાહેબ અને પવિત્ર ઇમામોએ જે હુકમો કર્યા છે તે શરીઅતના સનાવાર કિતાબો દ્વારા જાણવાની ઉત્કંઠા હોય તો—

☆ શરીઅત અને ધર્મ વિરૂદ્ધના વડા મુલ્લાજીના જુઠા દાવાએ અને જુલમી સત્તાઓથી થતા પ્રતિબંધોથી રક્ષણ મેળવવા ઇચ્છતા હોવ તો—

☆ નિકાહ બાબત વડા મુલ્લાજીની વોહરા-જગતને ઉંધે માર્ગે દોરવણી કરનારી નીતિ અને નબીસાહેબ તેમજ પવિત્ર ઇમામોએ બતાવેલ ધર્મને ઉલટાવી નાખનારી બાજી તેમનાજ કાઉન્સીલના મુખે હાઇ કોર્ટમાં થએલ આરગ્યુમેન્ટ ઉપરથી સંપુર્ણ જાણવાની ઇચ્છા હોય તો—

☆ હિન્દુસ્તાન તેમજ હિન્દની બહાર કોઇપણ અટકાયતના કારણ વગર મુસલીમ કાજી મારફત થએલ નિકાહોનું લીસ્ટ મેળવવા ચાહતા હોવ તો—

☆ વડા મુલ્લાજીની સ્વાર્થી રાજ્યનીતિને લીધે અટકાવવામાં આવેલ નિકાહો અને તેના કારણે મુસલીમ કાજીના હસ્તે થએલ નિકાહોની વિગત ફોટાઓ સહિત જાણવાની ઇચ્છા હોય તો—

☆ અબદે-ફાતેમાહ નિકાહ કેસના છેવટ બાબત વડા મુલ્લાજીના વાજંત્રો અને જુઠા પ્રચારકોએ ફેલાવેલ જુઠાણાઓની પોલ અને સત્યતાપુર્વકની સચોટ હકીકતથી વાકેફ થવાની ઇચ્છા હોય તો—

— તમને આ પુસ્તક અવશ્ય મેળવી વાંચવું પડશે —

★

ધી

દાઉદી વોહરા વકફ એન્ડ ટ્રસ્ટ વેલફેર એસોસીએશનનું

ભેટ પુસ્તક.

૧૯૪૦

★

છપાવી પ્રસીદ્ધ કરનાર:

ટી. એમ. માંડવીવાલા.

★

ધી દાઉદી વોહરા વકફ એન્ડ ટ્રસ્ટ વેલફેર એસોસીએશન

૬૬, બારા ઇમામ રોડ,

મુંબઇ ૩.

દંભી ધર્મગુરૂની રૂહનો ઇકરાર.





ઐ બહયરત પહડનેવાલે કતબએ લૌહે મઝાર   કરનઇન કાલક ભરે લફ્ઝોપે હરગીઝ એઅતેબાર
હય સીયાહી ઇનકી મેરી રૂસીયાહી પરગવાહ   નામએ અઅમાલ ઇનસે ભીઝીયાદા હય સીયાહ
આલીમે કુરઆનથા મૈ ઓર માહીરે ઇલમે હદીસ   બાવુજુદ ઇસકે મેરા બાતીન થા ખાતીઓ ખબીસ
રાસ્તીઓ હકકી ખુલકર પરદા પોશીમૈને કી   મૈને કી ઇમાં ફરોશી ખુદ ફરોશી મૈને કી
"ગોસ્ટ ખવારી" ઔર "દાહડી" અસલે મઝહબથી મુઝે
ખેલતાથા ઝુડે ફતવો ઔર ગલત એહકામ સે
ચાર હી ચીઝેથી મેરી ઝીંદગીકી કારસાઝ   એક અસા એક જુબ્બા એક અમામા એકરીશે દરાઝ
દરસ દેતાથા મૈ સબકો નફ્સકી ઇસલાહકા   મેરે દસતર ખવાન પર લેકીન મુરગગનથી ગીઝા
નફ્સથા મોટા મેરા ઔર જીસ્મ પરથી ફરબહી   થી તનો મંદી મેરી ગોયા દલીલે આગહી
સીરફ લોગો કે દીખાને કો મૈ પહડતાથા નમાઝ   મુઝકો ઇસમે ઔર વરઝીમયે ન કુચ્છ થાઇમતીયાઝ
ઇખતીલાફો જંગમે કોમો કે આતાથા મઝા   તફરેકા પર દાઝીયાથી ખેલ બાએ હાથકા
અલગરઝ બાતીન મેરા કુચ્છ ઔર ઝાહીર થા કુચ્છ ઔર
થા અમલ કુચ્છ ઔર નસબુલ ઐને ખાતીર થા કુછ ઔર
આમ લોગોકોથા જીન બાતોંસે લાઝીમ એહતેરાઝ   સબ રવાથી વોહ મુઝે દરપરદએ રીશે દરાઝ
મૈ કે રશકે અંબીયાએ કૌમે ઇસરાઇલ થા   નાએબે પયગમબરો હમમનસબે જીબરીલ થા
ગે સમઝતાથા કે મુઝપર તો અલઝઝઅમે અવામ   જુરમ કારી હય હલાલ ઔર દારે દોઝખ હય હરામ
મીલ રહી હય અબ મુઝે દુનીયા ફરેબીકી સઝા   હય ફીશારે કબ્રકા દીનરાત મુઝકો સામના
અબતક ઇસ કતબેસે આલુદએ ગુનેહગારી હુ મૈ   મુબતેલા મરકર ભી પાદાશે રીયાકારીમૈ હુ
દુર લેજા કર મેરે કતબે કા પથ્થર ફેંક દે—
હો સકે તો કર દોઆએ મગફેરત મેરે લીયે.

ઉપોદ્દઘાત.

પ્રિય વાંચકો,

એક ગરીબ આદમી આપણી પાડોશમાં રહેતો હોય અને તેણે ત્રણ ત્રણ દીવસ થયા અન્ન ના વાખા થતા હોય. છેલ્લા ત્રણ દીવસ તો તે સદંતર ભુખ્યોજ હોય, તેની હાલતથી આપણે પુરેપુરા વાકેફ હોઇએ અને તેને જરાએ મદદ આપણે પહોંચાડી ન હોય અથવા પહોંચાડી શકવાની શકયતા ન હોય છતાં તેનાજ ત્રણ દુખ અને મુસીબતના દીવસો પછી ચોથે દહાડે ઇદનો દહાડો હોય, અને આપણે મજકુર ભુખ્યા લાચાર ભાઇને ઇદની મુબારક આદી આપવા બની ઠનીને જઇએ તે એ કારમી કંગાલીયત ભોગવતા ભુખ્યા ભાઇના જખમો ઉપર નિમક છાંટવા સમાન છે કે, નહી?

આજ પ્રમાણે હાલ આપણી વોહરા કોમની સ્થીતી છે. મુબારકબાદ કહેવાનું ઘણુએ મન થાય છે, છતાં વોહરા કોમની કંગાલીયત વોહરા કોમની અજ્ઞાનતા વોહરા કોમની બેકાર સ્થીતી વોહરા કોમની ગુલામી, આ સર્વ જોયા છતાં તેને મુબારકબાદી આપવી તે શું જખમ ઉપર નીમક છાંટવા સમાન નથી?

વોહરા કોમ કંગાલીયત ભોગવે છે, આપણે જોઇએ છે છતાં તેને દુર કરવાના કોઇએ પગલા લેતા નથી. વોહરા કોમ અજ્ઞાનતા સેવે છે, આપણે જોઇએ છે છતાં તેમને જ્ઞાન આપવા કશુએ કરતા નથી, વોહરા કોમ બેકારી અનુભવે છે, આપણે જોઈએ છે, છતાં તેમને કામ ધંધે લગાડવા કશી હીલચાલ કરતા નથી વોહરા કોમ ગુલામી ભોગવી રહી છે, તેમને સવતંત્રા મેલવી આપવા આપણે જોઇએ તેવો પ્રયાસ કરતા નથી, છતાં શું આપણે ઇદની મુબારકબાદ આપવા કે લેવાને યોગ્ય છે કે? વોહરા કોમની આકારમી દશાનુ મુળ કારણુ તેની ગુલામી છે, જ્યાં સુધી વોહરા કોમ ગુલામીની જંજીરને તોડીને ફેંકી દે નહી સવતંત્રતાના અધિકાર ભોગવતી થાય નહી ત્યાં સુધી ઈદની મુબારકબાદ મેળવ્વાની તે હકદારજ નથી. આપણે જ્યાં સુધી વોહરા કોમને સ્વતંત્રા અપાવવા અને ધર્મ ગુરૂ વર્ગની ગુલામીમાંથી છોડવ્વા માટે સખતમાં સખત આંદોલન જગાવી ફતેહયાબ ન થઇએ ત્યાં સુધી ઈદની મુબારક આદીની આપલે અર્થ વિનાની છે.

આજ વીચારોને અંગે વાંચકોને ઈદની મુબારકબાદ આપવાને બદલે કોમના ઉપર થતા અત્યાચારોની કથાથી આ રીસાલા દવારા વાકેફ કરૂં છું, તે વાંચયા પછી વોહરા કોમને ધર્મ ગુરૂ વર્ગની ગુલામીમાંથી છોડવ્વાના પ્રયાસમાં વાંચકોપણુ શામેલ થઈ જશે અને પોતાની દરેક શકતિ ખરચી પોતાના ધ્યેયને પ્રાપત કરશે તો પછી કાયમ આપણા માટે ઇદ હશે અને તેની મુબારકબાદી પણ હશે. વોહરા કોમ માટે "**હર શબ શબે બરાત હો. હર રોઝ રોઝે ઇદ એવી દોઆ ગુજારી વીરમું છું.**


ટી. એમ. માંડવીવાલા.

ફુગાંમે. આહમે. ફરીયાદમે. શેવનમે. નાલોંમે.
સુનાઉં દરદે દિલ તાકત અગર હો સુન્ને વાલોંમે.

ઈદ-કે-આશુરા.

ઈદ એટલે આખી ઈસલામી આલમને માટે એક ઘણીજ ખુશી ભર્યો અને સબક વંતો દિવસ. ઈદના દિવસે એક મુસલમાન, પછી તે ગરીબ હોય કે અમીર તેના ખુશાલીના ઉભરાઓનો પાર રહેતો નથી ઈદ માટે હું પણ ખુશાલીના ઉભરાઓ સાથે ઈદની મુબારકબાદ આપી એટલી ખુશીમાં આવી જાઊં કે હર્ષના આંસુઓ વર્ષવા લાગે, પણ અફસોસ કે વોહરા કોમ આજે આટલા છુટાપણાના જમાનામાં જે ગુલામીમાં સબડી રહી છે તે કયા મોહડે ઈદની ખુશાલી ઉજવી શકે? વોહરા કોમની દુર્દશા, વોહરા કોમની સમાજીક અને આર્થિક પડતી, વોહરા કોમની ઇલમ શીખવા તરફની બેપરવાઇ વોહરા કોમ ઉપર ઝાલીમ ધર્મ ગુરૂ વર્ગની કોમ પ્રત્યેની ચુસણ નીતિ આવી વસ્તુસ્થિતિ હોવા પછી વોહરા કોમમાં ઈદનો પ્રસંગ ઉજવ્વા જેવું કાંઇપણ રહે છે કે? બિલકુલ નહી, અફ્રીકાના ગુલામ હબસીઓનું તો પોષણ કરીને તેના માલીકો તેઓ પાસે ગુલામી કરાવે છે પરંતુ આપણી વોહરા કોમ પાસેથી તો પોતાનું પોષણ ધર્મ ગુરૂ વર્ગ કરે છે તેને લુંટે છે અને ગુલામ સમજીને ગુલામી કરાવે છે! હવે આવી ગુલામ કોમ માટે ઈદ જેવું શું હોઇ શકે? વોહરા કોમ જ્યારે ધર્મ ગુરૂઓની આકારમી ગુલામીમાંથી પોતાને સ્વતંત્ર કરશે ત્યારેજ તેઓ માટે ઈદ ઉજવ્વાનો પ્રસંગ આવસે. હાલતો વોહરા કોમ માટે આશુરાજ ઉજવ્વો રહયો છે, કોમની દર્દનાક હાલત અને ધર્મ ગુરૂ વર્ગના અસંખ્ય જુલમો જોતાં ઈદની ખુશીમાં હર્ષના આંસુ સાથે ઈદની મુબારક બાદ આપવાને બદલે કોમની દુર્દ દશાનું માતમ મરસયા રૂપે લોહીના આંસુઓ સાથે લખવું પડે છે, કોમના સભ્યો બલકે આખી ઇસ્લામી આલમ, જેમ આશુરાને યાદ કરી મજલુમોના






મરસીયા રૂપે તેમની કુરબાનીઓ અને ઝાલીમોની નિર્દયતાનું વર્ણન કરી રહી છે તેમ દાઉદી વોહરા કોમને પણ આજે ૨૪ ચોવીસ વર્ષ થયા તેમના ઉપર ગુજરતા ધર્મ ગુરૂ વર્ગ તરફના જુલમના મરસીયા, ઝાલીમોના જુલમ અને મજલુમોની કુરબાનીઓની કથા લખવા અને વાંચવા સિવાય કોઇ માર્ગ નથી અને તેથી ઈદની ખુશાલીનું નહી પણ કોમની હાલની હાલત ઉપર એક મરસીયા રૂપી લખાણ લખી મારી વોહરા કોમને અપર્ણ કરૂં છું.

છેલ્લા ચોવીસ વર્ષ દરમીયાન, કોમના હાલના સરદાર તાહેર સૈફુદીન ના અમલ દરમીયાન, અનેક રીતે કોમની પજવણી થવા ઉપરાંત કોમી સુધારકોના મૈયતોની દફન ક્રિયા વખતનો અટકાવ અને મૈયતને કબરમાંથી ખોદી કહાડવાના ધિકકારવા જોગ બનાવ તેમજ મૈયતના જનાઝા ઉપર થતા ગુંડાશાહીથી હુમલાઓ, મરણ પછીની ધાર્મિક ક્રિયા કરવા ઉપરના બંધનો ઉપરાંત લગ્ન પ્રસંગે નિકાહ જેવી પવિત્ર ક્રિયા વખતે થતી સતામણી અને અટકાવ અને બંધનો જેવા ન ઇચ્છવા જોગ બનાવો મુંબઇ, કરાચી, સુરત, ઉદેપુર, બુરહાનપુર, ઉજજેન વગેરે વગેરે મોટા તેમજ નાહના શહેરો અને ગામોમાં રાત અને દિવસ બનતા રહયા છે, પરંતુ અફસોસ સાથે લખવું પડે છે કે કોમનો અજ્ઞાન વર્ગ, અને એક તરફ તો કેળવાએલો વર્ગ પણ પોતે ધર્મ ગુરૂ વર્ગના ગુસ્સાનો ભોગ થઇ ન પડે તે માટે આંખ મિચામણા કરી રહયો છે, જેને અંગે વોહરા કોમમાં ગુલામીની જંજીરો વધુને વધુ મજબુત થતી જાય છે. સમજદારો એક તરફ આંખ મિચાણ ના કરી રહયા છે બીજીતરફ ધર્મ ગુરૂ વર્ગ ધર્મના નામે અજ્ઞાન વર્ગને સુધારકો પ્રત્યે ઉશકેરી કોમમાં કુસંપનો વધારો કરી રહ્યા છે. દિર્ઘદ્રષ્ટિએ નજર કરતાં એમ ખુલ્લું દેખાઇ રહ્યું છે કે કોમના સમજદારો જો આવી રીતે "સબ સબકી સંભાળો, મય મેરી ફોડતા હું" જેવી રીત અખત્યાર કરી






બેસી રહે અને બાકીનો વર્ગ અંધશ્રધ્ધાથી સ્વાર્થીઓના હથીઆર બની કોમની પાયમાલીમાં કુહાડીના હાથાની ગરજ સારે તો પછી કોમનું આવીજ બન્યું સમજવું.

"ગર યહી હાલત રહેગી કોમકી
બુત કરેગે ફીર ખુદાઇ કોમમે"

ધર્મગુરૂ વર્ગનું સ્વાર્થભર્યું તુફાન કોમની નૌકાને ડુબાડી દે તે પહેલાજ કોમના કેળવાએલા અને સમજદાર વર્ગ તેમજ દરેક ભાઇઓ ચેતી જશે અને આ ડુબતી નાવને પોતાની હિંમત, કુરબાનીઓ અને અડગતાથી બચાવવા પ્રયત્ન કરશે તો જરૂર સફળતા પ્રાપ્ત થશે અને કોમ દુર્દશામાંથી ઉગરી જશે.

મને અફસોસના ઉદગાર કાઢી લખવું પડે છે કે કોમના બુધ્ધિશાળી અને ખાનદાની તેમજ દૌલતમંદ વર્ગમાંના એક ભાગે પણ આ બાબતમાં હજુસુધી કાંઈપણ પગલું ભર્યું નથી. પોતાની કોમ તરફની ફર્જ તેઓ તદ્દન વીસરી ગયા લાગે છે. હમણાં સુધી કોમના વધી પડેલ નાઇત્તેફાકી અને કંકાસને દુર કરવા તરફ તેઓએ લક્ષ આપ્યુંજ નથી અને તેઓ તદ્દન મૌન ધારણ કરી બેઠા છે તે ખરેખર શરમાવા યોગ્ય છે. આ સાથે મારે એટલું પણ જણાવી દેવું જોઇએ કે કોમમાં એક વર્ગ એવો પણ છે કે જે કોમની આ સ્થિતીને વખત પહેલા સમજી ગયો છે અને તે કોમને ગબડી પડતી બચાવવા હિંમતથી બહાર આવી પ્રયત્ન કરી રહ્યો છે; પણ આ વર્ગ ઘણો નાનો છે. તેમના પ્રયત્નોને કોમમાં ફેલાએલા ધાર્મિક અંધશ્રધ્ધાને અંગે જોઇએ તેટલી સફળતા મળી નથી, કારણકે ધર્મગુરૂ વર્ગ દરેક સુધારાથી "ધર્મ ઉલટી પડશે" અને "ધર્મ ડુબી જશે" એવું પોતાના સ્વાર્થની ખાતર અજ્ઞાન અને અંધશ્રધ્ધાળુઓને સમજાવી ધર્મની આડ હેઠળ સુધારકો વિરૂધ્ધ ઉશ્કેરણી







કરી રહયો છે અને તેથી સુધારકો ઉપર અજ્ઞાનો તરફથી પારાવાર જુલમો થતા રહ્યા છે. આવા જુલમો કાંઇ હમણા આપણી કોમમાં પહેલાજ બન્યા નથી અને આવા જાલીમો પણ પહેલીજ વખત પેદા થયા નથી. ભુતકાળમાં પણ ધર્મની આડ હેઠળ કાળા કહેર વર્ષી ગયા છે. ભુતકાળમાં અનેક જાલીમોએ મજલુમોને રહેસી નાખવામાં કાંઇ બાકી રાખ્યું નથી. આવા ધર્મની આડ હેઠળ થતા જુલમોથી ઇતિહાસના પાનાઓ ભરાઇ ગયા છે જેનું ટુંક વર્ણન આ તકે આપવું અસ્થાને નહી ગણાય.

મુસા નબીના શત્રુ ફીરઔને પોતાની સત્તાના મદમાં પોતાના બાપીકા ધર્મ–મુર્તિ પુજા–ને ડુબતો બચાવવાના બહાના હેઠળજ બની ઇસરાઇલ ઉપર અત્યાચારો કર્યા હતા. ઇબ્રાહીમ નબીના દુશ્મન નીમરૂદનો પણ એવોજ મામલો હતો. હજરત મોહમ્મદ (સ)ના વિરોધીઓ પણ પોતાના બાપ દાદાઓના દીનની હીમાયતમાં નીકળી મોહમ્મદ (સ) ઉપર તરેહ તરેહની આફતો લાવ્યા હતા. યઝીદી પણ ખીલાફત રૂપી ધાર્મિક દરજ્જાની આડમાં પોતાને બૈઅત નહી આપવાના બહાના હેઠળ હુસેન (અ)ને શહીદ કર્યા.

ઉપર જણાવેલા મામલામાં કેટલાક હકના સાહેબોની ફતેહ એમની જીંદગીમાંજ થઇ હતી ત્યારે કેટલાકમાં તો એમ બન્યું કે તેઓ જાલીમોના જુલમો સહન કરી આ ફાની દુન્યા છોડી ગયા પછીજ તેમનું વ્યાજબી પણું લોકો ઉપર જાહેર થયું. જેમ હજરત ઇસા (અ) અને ઇમામ હુસેન (અ-સ) માટે બન્યું કે આપની ઉમ્મતે આપના જીવતા કંઇ પણ કદર કરી નહી, પણ શહાદતના બાદ સેંકડો વરસો થયા તેમની યાદગીરી જળવાઇ રહી છે અને તેના પગલે ચાલવા લોકોને વિનવણી થઇ રહી છે.







હિન્દુસ્તાનમાં પણ મઝહબની આડ લઇને ધતિંગો કરી પોતાની સત્તાનો દુરૂપયોગ કરી મજલુમો ઉપર જુલમ કરનારાઓ પોતાના ઘાતકી કામોથી જાહેર થઇ ચુકયા છે. જેમ સૈયદના કુતુબુદ્દીનને શહીદ કરનારાઓ દીનનાં હીમાયતી અને ખીદમતને બીતાવનાર તરીકે પોતાને ઓળખાવતા હતા. બુરહાનપુરમાં સૈયદી હકીમુદ્દીન સાહેબની તુરબતને તોડી તેમના મૈયતને બહાર લાવનાર પણ પોતાના ધર્મની સેવા કરવાનોજ દાવો કરતા હતા અને તેમ કરીને મૈયત ઉપર ઝુલમ ગુજારી ખુશ થતા હતા.

યુનાનના ઇસાઇ ધર્મના ઉપાસકોએ ધાર્મિક ઝનુનથી વરસાવેલા કહેરનો એક દાખલો અહી આપીસ તો અસ્થાને નહી ગણાય.

એલેકઝાન્ડીયાને જે કાળમાં યુનાનના મહાન વિદ્વાનોએ પોતાના જ્ઞાનથી રોશન કર્યું હતું કે જે જ્ઞાનની નહેરોથી આજે પણ આખી દુનિયા તૃપ્ત થઇ રહી છે તે કાળમાં બીશપ થેઓફલીસના પછી તેનો ભત્રીજો સાઇલિર તેની ધાર્મિક ગાદીએ આવ્યો. આ માણસના વ્યાખ્યાનો લોકોને ઘણા ગમ્યા. આજ સાઇલરે હઝરત ઇસાના અનુયાઇઓ પાસે હઝરત મરયમની પુજા કરાવી.


હાઇપેસીઆ નામની એક ઔરત તે જમાનાની એક મહાન વિદ્વાન સ્ત્રી હતી તેણી અફલાતુન અને અરસ્તુ જેવા તત્વજ્ઞાનીઓના ઇલમને દાખલા દલીલોથી લોકોને સમજાવતી હતી. અને તે વખતના મનાએલા મહાન ફીલોસોફરોના પુસ્તકોની સરેહ કરતી દરરોજ તેની એકેડમી પાસે ગાડીઓની ઠઠ જામતી. હજારો વિદ્વાનો તેનાં ભાષણો સાંભળવા આવતા હતા, અને ઘણા અઘરા સવાલોની ચર્ચા કરતા હતા, જેના જવાબો તે એવી સારી રીતે સમજાવતી કે સાંભળનારાઓ દંગ થઇ જતા હતા.





સાઈલર ઇલમની ચર્ચા બંધ કરી લોકોને અંધકારમાં રાખી, પોતાની માનીતી મનુષ્ય પુજા કરાવ્વામાં અને દોલતની લુંટ ચલાવવામાં એક્કો હતો. તેના વેપાર માં હાઇપેસીઆને લીધે ખલેલ પડવાથી તેણે પોતાના હાથ તળેના પાદરીઓ અને અજ્ઞાન જન સમુહને ધર્મના નામે ઉશકેરી મુકયા. પરિણામે એક વખત તે બીશપના પાદરીઓ અને અજ્ઞાનોના એક ટોળાએ, હાઇ પેસીઆ જ્યારે પોતાની એકેડેમી તરફ જતી હતી ત્યારે તેણીને ઘેરી લઇને તેણી ઉપર હુમલો કીધો અને તે નિર્દોષ સ્ત્રીને આ સ્વાર્થ આંધળાઓ ભર બજારમાં નગન કરી, રસીથી બાંધી ઘસડતા ઘસડતા દેવળમાં લાવ્યા અને ત્યાંજ પીટર રીડરની લાકડીથી તે બાઇને એવી તો ફટકાવી કે આખરે તે આ ફાની જહાન છોડી ગઇ આટલેથી ના ધરાતા તે ઘાટકીઓએ તેના શબના ટુકડે ટુકડા કરી તેની લાશ ઉપરથી માંસ જુદું કર્યુ અને હાડકાઓને આગમાં સલગાવી મુકયા. આવા ત્રાસદાયક જુલમ બાબત બીશપ સાહેબને કંઇ પુછ પરછ થઇ નહી પરંતુ તેની અજ્ઞાન કોમે ધર્મ ઝનુની આકામને પુન્ય માની લીધું. આ રીતે તે વિદ્વાન બાઇને પોતાના માર્ગમાંથી દુર કરી સાયલર તો એમજ સમજ્યો કે હવે તેનું વિરોધી કોઇ નથી. આજે જોઈ શકાય છે કે આ બનાવને સેંકડો વર્ષો વીતી ગયા બાદ પણ જે વિજ્ઞાનના ફેલાવવાનો સાઈલર વિરોધ કરતો હતો તે જ્ઞાન ફતેહ મંદીના સાથે આગલ વધ્યું છે અને ઇતિહાસના પાના ઉપર તે ઘાતકીઓના કાળા કામો લખાઇ ગયા છે, જેને વાંચી આજની વિજ્ઞાની દુન્યા એવા કૃત્યો ઉપર ફીટકાર વરસાવી રહી છે. આવા કાળા કહેર વર્તાવનારા માનવીઓ કોણ હતા? ધર્મના ઉપાસકોજ. આથી એમ કરતું નથીકે ધર્મ આવું શીખવે છે. ધર્મના ઓઠા હેઠળ સ્વાર્થીઓ થોડા દીવસની દુન્યાની મોજની ખાતર ભોલા લોકોને છેતરે છે અને અજ્ઞાનીઓને ધર્મના નામે ઉશકેરી પોતાના માર્ગમાં કાંટા સમાન ખુંચતા હક પરસ્તોને પામાલ કરાવે છે!





યઝીદે ઇમામ હુસૈન (અ-સ) ને શહીદ શા માટે કર્યા? યઝીદની મુખ્ય માંગણી તેને ખલીફા તરીકે સ્વીકારી બૈઅત અપવા વિષેની હતી જેનો હઝરત હુસૈન (અ-સ) એ નીચલા આક્ષેપો મુકી અસ્વીકાર કર્યો.

(૧) દીનમાં શરીઅત વિરૂધ્ધ બિદઅત ફેલાવનાર.

(૨) શરાબને જાએઝ કરી દેનાર.

(૩) ઝીના અને નાચ રંગને સ્વિકારનાર.

(૪) વકફ અને બૈતુલ માલને શરીઅત વિરૂધ્ધ પોતાના એશ આરામ માટે ઉપયોગમાં લાવનાર.


(૫) પોતાના બુરા વિચારોને પોષનારા અને પોતાની ઘાતકી સત્તાને નિભાવનારા લીમીટેડ કન્સલ્ટના ભાગીદારો! તેના સલાહકારોને બૈતુલમાંથી છુટે હાથે પૈસા આપી પ્રજાનો માલ લુટાવનાર.


આવા સાચા આક્ષેપો મુકી ઇમામે તેની માંગણીનો અસ્વીકાર કર્યો, તેથી યઝીદના ગુસ્સાનો પાર રહ્યો નહી અને તેના જીસમમાં ક્રોધની અગ્નિ સળગી તેણે પોતાની લીમીટેડ કંપનીના ભાગીદારો, ઉબેદુલ્લા બીન ઝીઆદ, ઉમર બીન સાદ, સીમર ઝીલઝોશન અને હસન બીન નમીરને ઇમામનું કાસળ કાઢવાનો હુકમ કીધો આ સ્વાર્થીઓએ યઝીદના હુકમ પ્રમાણે રીયાસત અને દોલતની લાલચે કરબલાના મેદાનમાં ઇમામ હુસૈન (અ-સ) સામે લડાઇ જાહેર કરી.





જે પ્રદેશ જંગલી અને વહેશી પ્રજાઓથી વસેલો હતો, જેઓને દીન અને દુન્યાની કંઇ પણ ખબર ન હોતી. જહાલતનાં અંધકારમા સર્વ ડુબેલા હતા. માંહો માહે લડી એક મેક ને કાપી નાખવામાંજ તેઓ પોતાનું મહત્વ સમજતા હતા. આવી પ્રજાને ઇલમની રોશનીમાં લાવી, અજ્ઞાનતાને દુર કરી દુનિયામાં ઉંચી કક્ષાએ મુકનાર અને મહાન કોમ તરીકે જીવવાનો પાઠ શીખાવનાર, સર્વને એક મેકના ભાઈપણાની સાંકળમાં ગુંથી લેનાર મહાન હસ્તી હઝરત મોહમદ (સ-અ) ના નવાસા હુસેન (અ-સ) કુફામાં તેના નાનાના અરબ પ્રજા ઉપરના એહસાનોની અનેકવાર યાદ આપી છતા વીસારી મેમાન બોલાવી કરબલાના મેદાનમાં એક જબરી ફોજથી તેને તેના અહલો અયાલ સાથે ઘેરી લીધા અને ફુરાત નદી ઉપર ચોકી બેસાડી દીધી. પછી શું થયું ? હેવાન સાથે જે સલુક ન કરવામાં આવે તે સલુક સાચને વળગી રહેનારાઓ સાથે કરવામાં આવ્યો. પાણીની બંધી કરી દીધી. મોહરમ મહીનાની સાતમીથી દસમી સુધીના ત્રણ દીવસો અને રાતો ભુખ્યા અને પ્યાસા રાખ્યા પછી મોહરમની દસમીએ આશુરાના દીવસે લડાઇની શરૂઆત કરી. ઘરડા જુવાન અને નાના બાળકો સહિત હુસેન (અ-સ)ને નિર્દય રીતે કતલ કીધા અરે છ મહીનાના બચ્ચા અલી અસગરને પણ તીરથી લઇન ઇબને કાહીલે વીંધી નાખ્યા. તંબુઓને આગ લગાડી દીધી. પરદે નશીન બાનુઓને બે પરદા કરી નાખી અને ખુલ્લી પીઠના ઊંટો ઉપર બેસાડી કેદી બનાવી શામ ભણી લઇ ગયા. રેતીના રણમાં મજલુમોની લાશોને ઘોડાઓથી ખુંદી નાખી. માથા કાપી ભાલે ચડાવ્યા. અલી અસગરને હુસેન (અ-સ)એ પોતાનાજ જીવતા દફન કર્યા હતા, તે કબરને ખોદીને માસુમનું માંથું પણ કાપી ભાલે ચડાવ્યું. બૈઅતનો ઇનકાર કરનાર હુસેન (અ-સ) હતા; છતાં ઔરતો અને બાળકો ઉપર આ નિર્દય ઝાલીમોએ અત્યાચાદ કરી પોતાની બેરહેમીનો સબુત આપ્યો.






આજે આ મઝલુમોને શહીદ થવાને તેરસો વરસ થઇ ગયા; છતાં ઈસ્લામી આલમ આ દીવસોની યાદગીરી જાગવે છે, ઝાલીમો ઉપર તિરસ્કાર વરસાવે છે અને તે ઝુલમના માટે હુકમ આપનાર તે જુલ્મ કરનાર તથા તેમાં ભાગ લેનાર ઉપર લાનતો વરસાવે છે.

ઉપર જે લખી ગયા તે ઇતિહાસના પાના ઉપર લખાએલી જુની વાતો થઈ. હવે આ લખાણના મુળ મુદ્દાઓ ઉપર આવી આપણી વોહરા કોમમાં સળગેલી ધાર્મિક હોળી ઉપર ધ્યાન ખેચું છું.

આપણી વોહરા કોમ કેટલાએ સૈકાઓથી એક શાંતિ પ્રીય કોમ તરીકે જાણીતી હતી. લડાઇ અને ટંટાઓને તો તેના નવ ગજના નમસ્કારજ હતા. ફક્ત વેપાર અથવા મજુરી કરી પોતાના કુટુંબીઓનું પોષણ અને સાચા ધાર્મિક કાનુનોનું અને નીતિ રીતિનું પાલન એ તેમનું જીવન હતું. પરંતુ મેં ઉપર જણાવ્યું છે તેમ લગભગ ૨૪ વરસો થયાં કોમમાં નાઇતેફાકીનો ઝેરી પવન ફુંકાયો અને કોમનું બળ ગણાતી એક પાર્ટી હાલના કોમી વડા મુલ્લાજી સાહેબના કેટલાક ગેરવ્યાજબી કામોના સામે થવાથી તેણે તેઓના સાથેનો સંબંધ છુટો કર્યો. તે સંબંધ છોડવાનો મુખ્ય મુદ્દો પોતાને ખુદ મુખત્યાર એકાવનમાં દાઈઉલ-મુતલક સ્વિકારવા માટેનો હતો. કુલ મુખત્યારનો શબ્દ એટલાજ માટે ભારપુર્વક ઉપજાવી કાઢવામાં આવ્યો કે જેથી વકફ મિલકતો પોતાના નામે ચડાવી શકાય અને પોતાની મરજી પ્રમાણે પોતાનીજ જાહોજલાલી માટે ઉપયોગ કરી શકાય. કોમમાં જાગૃત થએલી ઈલમી ચર્ચા બંધ કરાય, કોમનાં ધાર્મિક ખાતાઓના, બધી સખાવતી મિલકતોના અને મઝારોના ગલ્લાઓના પોતાને એકલાને માલીક ઠરાવી શકાય અને તેમાં શરીઅત વિરૂદ્ધના






કાર્ય તરફ કોઈ અવાજ બહાર કાઢી શકે નહીં કે જેથી દુનિયાની મન માનતી મોજ કે જે આ પહેલાના કોઈ સરદારે ભોગવી ન હોય તેવી ભોગવી શકે. આ ધ્રેલછા ભરેલા વિચિત્ર દાવાઓનો સમજુ અને સખી વજુદોએ વાંધો લીધો. તેથી ક્રોધે ભરાઈ કોમમાંનાં અજ્ઞાનોને ઉશ્કેરી કેટલાકોને પૈસા આપી ભાડુતી તરીકે રોકી, સમજુ પાર્ટિને નમાવવા તરેહ તરેહના જુલમોની શરૂઆત કરી અને કોમને ઝનુની બનાવી દીધી; પરિણામે કોમ નાસ્તિકતા અને હેવાનિયતપણા તરફ દોરવાઇ ગઈ છે અને તેવા ઝનુની અને નીતિ વિરોધી કાર્યોને પુન્યવંતુ માનવા લાગી છે; પરીણામે ભાઈબંધ કોમોમાં વોહરા કોમ પોતાની પ્રતિષ્ઠા ગુમાવી અળખામણી થઇ પડી છે.


મઝલુમો ઉપર થએલા અત્યાચારોમાંથી થોડાંની ટુંક રેખા હું નીચે રજુ કરૂં છું અને આગળ વર્ણવાઇ ગએલા જુના ઇતિહાસ સાથે સરખાવી તોલ કરવાની વાંચકોને હું વિનંતી કરૂં છું.

(૧) હાલના સરદારની ધારણા પ્રમાણે સમજુ પાર્ટીને અલગ કરી સર્વથી પહેલા કોમમાં ચાલતા દરેક મદ્રેસાઓનો તેના કાર્યવાહકોને ઉંધુચીતુ સમજાવી અથવા સંબંધ છોડવાની ધમકીથી કબજો લેવામાં આવ્યો.

(૨) સમજુ પાર્ટીના કબજામાં રહેલી હાઇસ્કુલોમાં ભણતા બાળકોને અટકાવવા તેમના માબાપો ઉપર દબાણ કર્યું.

(૩) કેટલીક વકફ મિલ્કતો જેઓના હાથમાં હતી તેઓના ઉપર દબાણ કરી પોતાના નામે કરાવી લીધી.






(૪) મઝારો ઉપર ઓલીયાઓના ગલ્લાઓના પાસે પોતાના નામના ગલ્લાઓ મુકયા અને ઓલીયાઓના ગલ્લામાં પૈસા નાખતા કોમના સભાસદોને રોકયા.

(૫) પોતાના ભાડુતીઓ મારફતે કોમના અજ્ઞાનોને ઉંધુ સમજાવી ખોટો પ્રોપેગેંડા ફેલાવી, લાખો રૂપીઆના ભોગે, વકફના કાયદામાંથી થોડાક વરસો બાકાત રહ્યા.

આ બધી વાતોને વખતો વખત જાહેરમાં મુકનાર સુધારકો ઉપર તરેહ તરેહના જુલમો શરૂ થયા; કેટલાકોને મસ્જીદમાંથી નમાઝ પઢતા ઢસેડી બહાર કાઢયા જમાતખાનામાંથી જમતા લોકોને ઉઠાડી માર મારી બહાર કાઢવામાં આવ્યા. બની ઉમૈયાએ પોતાની રીયાસત દરમિઆન તખતો ઉપર ચઢી વરસો સુધી અલીયુલ મુરતુઝા (અ-સ) ઉપર લાઅનતો બોલાવી હતી. તેમ અહી પણ સમજુ પાર્ટી ઉપર કરવામાં આવ્યું, ઉજ્જેનમાં કેટલાક ઝનુનીઓએ શેખ ઘોડીવલાના ઘર ઉપર ચઢી જઇ તે ઝઇફનું નાક કાપ્યું, તેના દીકરાની ઔરતની ઇજ્જત લુંટવા કેટલાક કમીનાઓ તૈયાર થયા. આખરે ઇનસાફની અદાલતે એ ઘાતકીઓને તેના ફૈઝે તુરંગને સ્વાધીન કીધા. મુંબઇમાં સુધારકોના જનાઝા ઉપર પથરાઓ અને કાદવો ઉડાડયા. મૈયત ઉપર હજારોની સંખ્યામાં ભેગા થઇ ગુંડા રાજ્ય સ્થાપી ગાળો ભાંડવામાં આવી, અને મઝલુમોના દિલ દુઃખાવવામાં આવ્યા. સમજુ પાર્ટીના એક ભાઇ ઉપર જીવલેણ હુમલો કરી ગંભીર ઇજા કરી અને તે આરોપસર ત્રણ ફીદાઇઓ જેલ જાત્રાએ ગયા. એક ભાઇના કાન કાપવામાં આવ્યા અને તે આરોપસર એ ઘાતકીને ત્રણ વરસની સજા ભોગવવી પડી.

મુંબઇ તેમજ કરાચી અને બીજા ગામોના કબ્રસ્તાનો ઉપર જબરીથી કબજે કરી સુધારકોના મૈયતોને દાખલ થતાં અટકાવ્યા આ વાત ભુલી જવી જોઇતી ન હતી





કે સુધારકોના કબ્જા હેઠલ કોઇપણ ધાર્મિક સંસથાઓ હતી તે દરમ્યાન તેઓએ આવી મુર્ખાઇ કરી કોઇપણ પ્રકારની બેહુરમતી કરી ન હતી. ૧૯૨૮માં તો છેલ્લી હદ સુધી પહોંચી જઈ કેટલાક ગુંડાઓએ એક મરહુમ બાનુના દફન કીધેલા શબને કબર ખોદી બહાર ફેંકી દીધું. કબ્રસ્તાનમાં ભેગા થઇ ખુબ નાચ્યા સીસોટીઓ વગાડી અને ફટાણા ગાયા અને આશુરા ની સાંજે ઇમામ હુસેન (અ-સ) ને કટલ કરવા પછી યઝીદના લશકરમાં જે ખુશાલીનું તુફાન મચ્યું હતું તેજ સીન અહીં પણ નજરે પડતો હતો, જેની નોંધ ડીસેમ્બર ૧૯૨૮ ના 'મુંબઇ સમાચાર' માં પ્રગટ થઇ હતી તેનો ટુંકસાર નીચે પ્રમાણે હતો:—

> "ગયા શુકરવારે મુલ્લાજીના અનુયાયીઓએ ચર્ની રોડ કબ્રસ્તાનમાં મીસીસ અલીભાઇ આદમજીની કબ્ર ખોદી કાઢી લાશને રસ્તા ઉપર ફેંકી દીધી હતી આ ખબરથી કોમમાં ભારે ચકચાર ચાલી હતી અને વખતસર પોલીસ આવી લાગવાથી મામલો ગંભીર રૂપ લેતા બંધ પડયો હતો"


મજકુર લાશ તે શખશની પત્નીની હતી કે જેના બાવા સર આદમજીએ સમસ્ત વોહરા કોમ ઉપર ઘણા અહેસાન કર્યા છે! એટલુંજ નહીં પણ હાલના મુલ્લાજી સાહેબ અને તેના બાવા ઇંચે ઇંચ તેના અહેસાનમાં ગરક હતા, હજના રસ્તે જ્યાં પાણી પણ મળે નહીં ત્યાં વોહરા કોમ માટે વરસો સુધી તરેહ તરેહના જમનો હાજર કર્યા હતા, સેંકડો યતીમોને પાલ્યા મદ્રેસાઓ સ્થાપ્યાં અને કાઠીયાવાડી વોહરાઓ ઉપર તો લાખોની નવાઝીસ કરી તેઓને દરિદ્રયમાંથી ઉગાર્યા હતા, અને અભણોને ઇલમ પડાવી હોસીયાર કરી ધંધે લગાડયા હતા તેઓ ઉપર અત્યાચાર કરનારા ગુંડાઓની આગેવાની લેનારાઓમાંના કેટલાક તેના પૈસાથી પળી તેનું નીમક ખાઇ નીમક હરામ થયા છે! અરે! થોડા વરસોની વાત છે કે ભોપાલમાં વોહરાઓ ઉપર થએલ અત્યચારો વખતે આ સરના બેટાઓજ તેમની મદદે દોડી ગયા હતા. હાય વોહરા કોમ! આ બધી સેવાઓ નોજ આ બદલો કે?






આવી રીતે જેનું નીમક ખાય તેનાજ બચ્ચાના લાશા સાથે આવી નિર્દય ચેષ્ઠા કરાવનાર ધર્મ ગુરૂ વર્ગની નીમક હરામી કદી પણ માફ થઇ શકે એમનથી.

મે ઉપર વર્ણવ્યો તે બનાવ સને ૧૯૨૮ માં બન્યો હતો. એ બનાવ વોહરા ભાઇઓના સીનામાં કોતરાઇ ગયો છે! તેને હજુ કોમ વિસરી નથી અને કદી વીસરસે પણ નહી એટલામાં સને ૧૯૩૫માં કરાચીમાં વોહરા કબ્રસ્તાનમાં એક વયોવૃદ્ધ વોહરા બાનુના મૈયતને દફન કરતા ધર્મગુરૂ વર્ગ અને તેના હથીયાર રૂપે કેટલાક અજ્ઞાનો તથા કેટલાક પોતાના જાતી દુશ્મની પુરી કરનારાઓએ જે અટકાવ નાખ્યો હતો. તે બનાવથી સમસ્ત વોહરા આલમમાં એક વધુ ખલબલી મચી ગએલી અને તે બનાવ પણ કોમ કદી વિસરસેજ નહી. કોમને સારી રીતે રોશન છે કે કરાચીના જાણીતા અલવી ખાનદાનની કોશીષથીજ કોમમાં મશહુર અને અજોડ ફૈજે હુસેની ટ્રસ્ટ હસ્તીમાં આવ્યું હતું. આ ટ્રસ્ટની મીલકતોની આંકણી આજે ૩૦ થી ૩૫ લાખની થવા જાય છે. જેનું માન અલવી ખાનદાનનેજ ઘટે છે. એજ મશહુર ખાનદાને ફૈજે અલવી ટ્રસ્ટ નામનું ખાતું પણ સ્થાપ્યું છે. જેમાંથી અનેક હાજત મંદોની હાજત પુરી કરવામાં આવે છે. ઉપરાંત વોહરા કોમમાં મજકુર ખાનદાનના સાહેબોએ અનેક સેવાઓ બજાવી છે. જે અહી લખવા બેસીયે તો પાનાઓ ભરાઇ જાય. એવા એક દયાળુ અને દીલસોઝ કોમી હમદર્દ ખાનદાનના ભાઇ હાતીમ અલવીના વયોવૃદ્ધ નેક માતુશ્રી બાઇ હયાતીબાઇના મૈયતને કરાચીના વોહરા કબ્રસ્તાનમાં લઇ જતા વડા મુલ્લાજી સાહેબના પક્ષના કેટલાક સાંકડા મગજના વોહરાઓએ અટકાવી દફન કરવા દીધું નહી અને તેથી મજકુર બાઇને મુસલમાન ભાઇઓના કબ્રસ્તાનમાં દફન કરવાની ફરજ પડી હતી. મારૂં માનવું બીલકુલ સત્ય છે કે આ ઘાતકી પગલું વડા મુલ્લાજી સાહેબની ઉશ્કેરણીના પરીણામે ભરાયું હતું. હવે હું સમસ્ત વોહરા આલમને






પુછવાની રજા લઉં છું કે શું આ એક જુલમી રાજ્ય નીતિ ન કહેવાય? અને મઝહબના ઊસુલોનો ભંગ કરવા જેવું આ કાર્ય ન કહેવાય? રેહમતની ગાદી પર બિરાજવાનો દાવો કરનાર ધર્મગુરૂ વર્ગ આવી રીતે મૈયતો ઉપર પણ પોતાનું વેર વાળવા ન ચુકે એ પોતાને અચુક કહેવડાવી શકે? ખચ્ચિત, પોતાનું વેર વાળવા માટે તો ધર્મગુરૂ વર્ગ "અચુકજ છે" મરહુમ હયાતી બાઇના સર્વથી નાના બેટા સીવાય બીજા બધા બેટાઓ જમાતમાં છે વોહરા કબ્રસ્થાનમાં મુસલમાનો તેમજ હિન્દુઓને પણ આવવાની મનાઇ નહી ત્યારે મરહુમના નાના બેટાને અને તેના સોળ સાથીઓને કબ્રસ્થાનમાં દાખલ નહી કરવાની હઠ લઇને તે મૈયતને અટકાવી પોતાની ટુંકી અને નિર્દય મનોદશાનું ધર્મગુરૂ વર્ગ અને કરાચીના કેટલાક અણ-સમજુ વોહરાઓએ પ્રદર્શન કરાવ્યું છે. હિંદુ ભલે આવે, મુસલમાન ભલે આવે, પરંતુ એક હાતિમ અને તેના સોળ સાથીઓ આવે નહી. આ એવી વાત છે કેઃ—

હાકીમકા હુકમ યે હય કે પાની બશર પીએ,
ઘોડે પીયે સવાર પીયે ઓર શુતર પીએ.

જો તશના લબ જહાંકે હોં સબ આનકર પીએ,
હયવા પીયે પરીંદે પીયે જાનવર પીએ.

કાફીર તલક પીએ તો મના તુમ ન કીજીઓ,
એક ફાતેમાં કે લાલકો પાની ન દીજીઓ.







આ પ્રમાણે ઝાલીમ ઓરડીનન્સની રૂએ મૈયતની અટકાયત થઈ અને સેંકડો વોહરા ભાઇઓની હાજરીમાં એ મરહુમ બાનુના મૈયતને મુસલમાનોના કબ્રસ્તાનમાં લઈ જઇ દફ્ન કર્યું અને એ જોઇને એ કહેવાતા ધર્મના આધારો અને ધર્મચુસ્તોનું દિલ જરાપણુ ડંખ્યું નહીં. મૌત દરેકને માટે છે. પીર પયગમ્બર, ઓલીયાઓ અને દીની સરદારો દરેકે દરેક મોતની ચુંગળમાંથી બચવાનાજ નથી. ખુદાતઆલાનો ડર અને મોતનો ખોફ કર્યા વિના જેઓ નીચ કામો કરતા રહે છે તેઓ "અલ મૌતા હકકુન" એટલે "મોત હક છે" એ વચનને ભુલી ગએલા લાગે છે, તેઓને ઇનસાન કહી શકાયજ નહી.

છેલ્લા આઠસો વર્ષથી કોઈપણુ દાઈના અમલમાં વોહરા લાશોને દફ્ન થતી અટકાવવાનો, જમણુ ઉપરથી હકદારોને અપમાન કરી ઉઠાડી મુકવાનો, ખાનએ ખુદામાં નમાઝ પડતા રોકવાનો કે લાશોને કબરમાંથી ખોદી કહાડવાનો એક પણુ દાખલો મારા અંધશ્રદ્ધાળુ વોહરા ભાઇઓમાંથી કોઈ એક પણુ પોતાના અંતકરણુ ઉપર હાથ મુકી બતાવી શકશે કે ? કદી નહી. ત્યારે હાલની આપણી આ એકાવનમી સરકારે કોમની અજ્ઞાનતા અને નબળાઈ જોઈને જે સખતમાં સખત રાજ્ય નીતિ ધારણુ કીધી છે. તે કયા દાઈના પગલે ચાલીને અખત્યાર કીધી છે તે હું જાણવા માગું છું.

આજ ૫૧માં દાઇના અમલમાં ચર્ની રોડ કબ્રસ્થાનમાં અલીયા ફીરકાના વોહરાઓ દફ્ન થયા છે. તેમના મૈયતની નમાજ પણુ દાઊદી વોહરા મસ્જીદમાં પઢવામાં આવે છે. આ અલીયા ફીરકાના વોહરાઓએ પોતાની દાવત દાઊદી વોહરાઓથી બીલકુલ અલગ કીધી છે. તેનું વડું મથક વડોદરા ખાતે છે. હાલના સૈયદના તાહેર સૈફુદ્દીન સાહેબ સાથે તેમનો ધામીંક સંબંધ નથી. આવી રીતે દાઊદી વોહરા કોમની માન્યતાથી તદ્દન વિરૂદ્ધ અને પોતાનો જુદોજ ફીરકો અને બંધારણુ ધરાવવા છતાં અલીયા કોમના સભાસદોને






કોઇપણ ગામમાં દાઊદી વોહરા કબ્રસ્તાન, મસજીદ, જમાતખાનાકે ઝીયારત ગાહોમાં દાખલ થતાં કદીપણ અટકાવવામાં આવતા નથી; પણ દફન કરવા દેવામાં આવે છે.

મારા વોહરા બીરાદરો સારી રીતે જાણે છે કે અમદાવાદના કબ્રસ્થાનમાં સેંકડોની સંખ્યામાં સુલેમાની વોહરાઓની કબરો છે. સૈયદના દાઊદ બીન કુતુંબશાહનો ખુલ્લે ખુલ્લો વિરોધ કરવા છતાં તેમની સામે બીજી દાવત કાયમ કરવા છતાં અને દાઊદી વોહરાઓની ઉપર સિતમોની ઝડી વરસાવવા છતાં તે સુલેમાની દાઇનો રોજો વોહરા કબ્રસ્તાનમાં બનેલો હાલ પણ નજરે પડે છે અને ત્યાં સુલેમાનીઓ ઝીયારત માટે હાલ પણ આવે છે. વડોદરામાં મુસનજીતાજ સાહેબનો મઝાર જો કે દાઊદી વોહરાઓના કબજામાં છે. પણ વોહરાઓના ત્રણે ફીરકા અલીયા, સુલેમાની અને દાઊદી તેમને માને છે, ઝીયારત કરે છે અને ઊરુસ બેસાડે છે. અલીયા કે સુલેમાનીઓને કદી રોકવામાં આવતા નથી. આવી રીતે આપણા કોમી કબ્રસ્તાનમાં અલીયા અને સુલેમાનીઓના દફન થવાથી અને હિંદુ, મુસલમાન, પારસી, અલીયા, સુલેમાની વગેરેના આવવાથી અપવિત્ર થઇ જતા નથી ત્યારે મી. હાતિમ અલવી કે બીજા દાઊદી વોહરાઓને કબ્રસ્તાનમાં દાખલ થતા અટકાવવામાં ઈસલામ મઝહબના કયા કાનુન પ્રમાણે કામ લેવાયું છે તે વડા મુલ્લાજી સાહેબ અથવા તેના કહેવાતા ચુસ્ત અનુયાઇઓ જણાવશે કે? ભાઈઓ! આપણી એકાવનમી સરકારના અમલમાં આ પણ આલમની અજાયબીઓમાંની એક અજાયબી છે.


હવે રહ્યું બુઝર્ગ બાઈ હયાતીબાઇનું મુસલમાનોના કબ્રસ્તાનમાં દફન થવું. તેમાં કાંઈ સુધારકોને શરમાવાપણું કે કોઇને અચંબામાં પડવા જેવું કસુએ નથી. જે જે ગામોમાં આપણી કોમના કબ્રસ્તાનો નથી ત્યાં ત્યાં એક વોહરાનું મૈયત થાય તે મૈયતને મુસલીમ ભાઇઓ ઇસલામ મઝહબમાં બતાવેલી વિશાળ દૃષ્ટિએ (એકાવનમી સરકારના






સમયની સંકુચિત દ્રષ્ટિએ નહી) સીર્ફ એક કલેમાગો સમજીને પોતાના કબ્રસ્તાનમાં દ
કરવાને કદી પણ ઇનકાર કરતા નથી. બલકે દરેક એને મદદ આપી છેવટની દફન ક્રીય
ભાગ લઇ મૈયતને છેવટનું માન આપે છે. ખરેખર ક્યાં મુસલમાનોની મુસલીમ નવાઝી ર
ક્યાં વોહરાઓની સાંકડી મનોદશા ? આવી સંકુચિત મનોદશાની સોધનું માન એકાવ
સરકારનેજ છાજે છે. ખંભાતમાં મૌલાઇ એહમદનો મઝાર મુસલમાનોના કબ્રસ્તાનમાં
મૌલાઇ એહમદને સુલેમાની, દાઊદી અને આમ મુસલમાનો પીર તરીકે માને છે :
ઝીયારત કરે છે. મુસલમાનોના કબ્રસ્તાનમાં મઝાર હોવાથી તેમના દરજ્જામાં કે પવિત્રત
લેશ માત્ર પણ ફરક પડયો નથી એ વાતનો મુલ્લાજી ઇનકાર કરી શકશે નહી.

એજ પ્રમાણે પુનામાં મુલ્લા મહમદઅલી સાહેબનો મઝાર મુસલીમ કબ્રસ્તાનમાં
અને વોહરા કોમ મજકુર મુલ્લા સાહેબને વલીમાની તેમની ઝીયારતે જાય
અને ઉર્સ પણ ઉજવે છે. હાલમાં પુના ખાતે એક તાજા બનાવની અહીં નોંધ લેવી
થઇ પડશે. હાલના વડા મુલ્લાજીના વેવાઇ તે બાવનમાંના સસરા અબદુલ હુસેનભાઇ સા
ઝવેરીનું વડા મુલ્લાજીની પુના ખાતેની છેલ્લી પધરામણી વખતે એકાએક મૃત્યુ નીપજ્યું ⟨
મજકુર અબદુલ હુસેનભાઇ સાહેબના મૈયતને વડા મુલ્લાજીએ દાઊદી વોહરા કબ્રસ્તાન હે
છતાં મુસલમાનોના કબ્રસ્તાનમાં જ્યાં મુલ્લા મોહમદઅલીની કબર છે ત્યાં દફન કરવ
ઇચ્છા જાહેર કરી. તૈયારી પણ થઈ; પરંતુ કહેવાય છે કે છેલ્લા કેટલાક વરસો :
સુધારકોને કબ્રસ્તાનમાં અટકાવવાના વડા મુલ્લાજીના પગલા અને કોર્ટમાં થએલ સ્ટેટમેન્ટે
પુનાના મુસલીમોમાં ભારે ખળભળાટ થયો હોયને. મુસલીમ કબ્રસ્તાનના કાર્યવાહકોએ
વડા મુલ્લાજીને પગલે ચાલી મૈયત દફન નહી કરવા દેવાની હઠ પકડી. વડા મુલ્લાજીની :
મશહુર છે, એટલે કબ્રસ્તાનને અમુક રૂપીઆની રકમ મદદ તરીકે આપી મુસલીમ કા







વાહકોને સમજાવી લેવામાં આવ્યા અને ત્યાં મજકુર ભાઇ સાહેબને દફન કરવામાં આવ્યા. વડા મુલ્લાજીનું આ કૃત્ય ખુદ એમ બતાવી આપે છે કે મુસલીમોના સાથે એક કબ્રસ્તાનમાં દફન થવામાં કશોએ બાધ નથી, જો એમ ન હોય તો પછી એમજ માનવું પડે છે કે મજકુર ભાઇ સાહેબને વડા મુલ્લાજી દાઉદી વોહરા સમજતા હતા નહી. એટલે તેમને વોહરા કબ્રસ્તાનમાં દફનાવવામાં વડા મુલ્લાજીના બીજા પાક અનુયાયીઓની કબરો તેમની માન્યતા પ્રમાણે અપવિત્ર થઇ જતે એટલા ખાતરજ વોહરા કબ્રસ્તાનની મૌજુદગી છતાં મુસલીમ કબ્રસ્તાનમાં અમુક રકમનો ભોગ આપીને દફનાવવામાં આવ્યા.

ઉપર લખ્યા પ્રમાણે સ્વાર્થી ધર્મગુરૂ વર્ગ પોતાના સ્વાર્થ અને હુકમતના ખાતર કોમને જાહીલ રાખવા અને કોમની જહાલતથી ધનરૂપી લુંટનો લાભ લેવા કોમ ઉપર ગમે તેવા અત્યાચારો કરી કોમને બીવડાવી મુકી કોમ ઉપર પોતાની એકહથ્થુ સત્તાનો અમલ દિવસે દિવસે સખતમાં સખત જારી કર્યો. સુધારકોને એકદમ દબાવી દેવા માટે જર તેમ બળનો પુરેપુરો ઉપયોગ કરવામાં જરાએ કચાસ રાખી નહી.


આટલેથી નહી ધરાતા ધર્મના નામે પોતાનો દરેક સ્વાર્થ સાધતા એ ધર્મગુરૂ વર્ગે પોતાના સ્વાર્થી માર્ગમાં નડતા ધર્મના સિધ્ધાંતો અને માન્યતાઓને પણ ઠોકરે મારવી શરુ કરી દીધી. તે એટલે સુધી કે વડા મુલ્લાજી સાહેબે નાગપુરની વડી અદાલતના ન્યાયાધિશ સ્ટેપલ સાહેબના ચુકાદાને મંજુર રાખી ઇમામની હસ્તીને મીટાવી દેવામાં આડકતરી રીતે સામેલગીરી કીધી. હવે બચાવમાં કહે છે કે સ્ટેપલ સાહેબના કહેવાથી કંઇ ઇમામની હસ્તી મીટવા જેવું નથી! ત્યારે બુરહાનપુરના જડજ મી. ખેરના ચુકાદામાં પોતાને દાઇ ઉલ મુતલક નહી ઠરાવવાના લીધે શા માટે પોતે નાગપુર અપીલ કોર્ટમાં દોડી ગયા? જ્યારે મી. ખેરના કહેવાથી નાઝીમ દાઇ ઠરી જતા હતા. તો મી. સ્ટેપલના કહેવાથી






કેમ ઈમામની હસ્તીનો ઇન્કાર ન કહેવાય? જ્યારે સામી પાર્ટી પ્રીવીકાઉન્સીલમાં જવા તૈયાર થઈ ત્યારે તે લોકોએ એની અરજીમાં મુંદાઓમાં ઈમામની હસ્તી વીષેના મુદ્દા ઉપરના મી. સ્ટેપલના ચુકાદા માટે પણ દાદ ચાહી હતી. વડા મુલ્લાજીનો પોતાનો કેસ ખરો હતો તો પછી પોતાના હક દાવા પર નક્કી ભરોસો રાખી પ્રીવીકાઉન્સીલમાં સુધારકોને જવા દેવા હતા. તો વડા મુલ્લાજીના અકીદા અને દાવા પ્રમાણે તેમની બધી માંગણીઓ જો કદાચ ખરી થતે તો પણ ઈમામ (અ-સ)ની હસ્તી તો સાબિત થઇ જતે અને તેમ કરી વડા મુલ્લાજી જેમની ગાદી પર બિરાજવાનો અને જેમના વતી વહીવટ કરવાનો દાવો કરે છે તે દાવો પણ ખરો થતે. કારણકે ઈમામની હસ્તી વગર તેમની દાવત ક્યાંથી હોય? પણ વડા મુલ્લાજીને ઇમામની હસ્તીની જરુરજ ક્યાં હતી? ઇમામની હસ્તીની માન્યતાથી વળી વોહરા કોમ વડા મુલ્લાજીના કરતા એક મહાન વ્યકિતને મૌજુદ માને! તો વડા મુલ્લાજી આજે જે અચુકપણાનો દાવો અને ખુદાઇ દાવો કરે છે તેને કબુલ કરવામાં સંકોચ પેદા થાય! તેથીજ મોટામાં મોટા સોલીસીટરો અને બેરીસ્ટરોને રોકીને અને લાખો રુપીઆના ખર્ચે પ્રીવીકાઉન્સીલની અપીલની અરજી રદ કરવામાં આકાસ અને પાતાળ એક કરી નાખવામાં આવ્યા અને તે અરજી રદ કરાવવા પછી વડા મુલ્લાજીને સધિયારો થયો કે હવે મારા માર્ગમાં કોઇ કાંટો બાકી નથી. ઇમામ (અ-સ)ની હસ્તીને સાબીત કરવા માટેની અરજી રદ કરાવી વડા મુલ્લાજીએ ખુશાલી ઉજવી.

આવી રીતે કોમની સ્વતંત્રતા ઉપર ગુલામી બંધનો નાખીને, કોમને ગુંગલાવીને છડે ચોક કોમને દમદાટી આપી પૈસા લુંટી નિર્ધન બનાવીને પોતે કરોડપતિ બનાને અને પોતાના ખાનદાનીઓને લક્ષાધિપતિઓ બનાવીને મઝહબી માન્યતાઓનું પણ વડા મુલ્લાજી નિકંદન કાઢી નાખવામાં સફળ થવા ચાહતા હતા; પણ ખુદાનું કરવું કે હવે





તો નાગપુર ચુકાદાના સામે પ્રીવીકાઉન્સીલમાં અરજી કરવાની પરવાનગી મળી ગઇ છે, અને હવે નાગપુર કેસના ચુકાદાનું પરીણામ પ્રીવીકાઉન્સીલમાં નિર્માણ થએલું છે.

વડા મુલ્લાજીની એહસાન ફરામોસી.


સર આદમજીની કોમ માટેની લાખોની સખાવતો તેમજ વડા મુલ્લાજીઓની લાખો રૂપીઆના ભોગે કરેલ ખીજમતો અને કોલમ્બોવાલા ખાનદાનની વડા મુલ્લાજી ઉપરની નવાજેશોનો વડા મુલ્લાજીએ કેવો બદલો આપ્યો. સરના ખાનદાન ઉપર વેરની ઝરીઓ વરસાવી સમસ્ત કોમને તેની અજ્ઞાનતાનો લાભ લઇ ઉશ્કેરી મુકી. એ ખાનદાન ઉપર અત્યાચારોના પહાડ તોડી પાડ્યા. તેમના કુટુંબીઓના જનાઝા અને મૈયત ઉપર નીચ વૃતિથી અત્યાચારો કરાવ્યા. કોલંબોવાલા ખાનદાનની બેટી અંને સરની પુત્રવધુની લાશને કબર ખોદી ફેંકાવી દીધી. જે વાંચકો ઉપર વાંચી ચુકયા. તેમજ કરાચીના અલવી ખાનદાનની કોમ અને વડા મુલ્લાજી તરફની અસંખ્ય સેવાઓનો બદલો વડા મુલ્લાજી અને તેમના પીયાદાઓએ બુઝુર્ગ બાનું હયાતીબાઇના જનાઝા સાથે ચલાવેલ નીચતાભરી વર્તણુકથી પુરવાર થાય છે; તેમજ તેમના બેટા હાતીમ વિરૂદ્ધ સખતમાં સખત ઉશકેરણી કરી, ભાઇબંધ કોમોમાં હજારો રૂપીઆ ખર્ચી તેમનું ખુન કરાવી નાખવા જેવું જણુન પગલું ભર્યું હતું; તેથી પણ કોમ સારી રીતે વાકેફગાર છે. હવે હું વડા મુલ્લાજીની એહશાન ફરામોસી અને દમનનીતિનો એક વધુ દાખલો અહી આપીશ તો તે અસ્થાને નહી ગણાય.


તાજેતરમાંજ સમસ્ત વોહરા કોમમાં મશહુર થયેલ અબ્દે-ફાતેહમાં કેસનું છેવટ આવ્યું છે; વાંચકો સારી રીતે જાણે છે કે ભાઇ અમીરૂદ્દીનના માતુશ્રીએ રૂા. ૨૦૦૦૦૦) બે લાખની વોહરા કોમ માટે સખાવત કરી છે; તેમજ તેમના પીતા શેઠ






સાલેભાઇ તૈયબજીએ વડા મુલ્લાજીની પોતાની હયાતી દરમીયાન અનેક સેવાઓ કરી છે. મજકુર ભાઇ અમીરૂદ્દીન સાથે વડા મુલ્લાજીને અંગત મતફેરી અને વેરના સબબે તેમના બેટા અબ્દેઅલીના નીકાહ રોકવામાં આવ્યા. ન્યાયનો સાધારણ નિયમ સર્વ વિદીત છે કે જે ગુનેહગાર હોય તેનેજ સજા કરવામાં આવે ગુનેહગારના લાગતા વળગતાઓને સજા કરવી એ ન્યાયના સિદ્ધાંતથી સદંતર વિરૂદ્ધ છે. ભાઇ અમીરૂદ્દીન વડા મુલ્લાજીની નજરમાં જો ગુનેહગાર હોય તો પણ તેમના બેટાને સજા કરવી એ ન્યાયનું ખુન કરવા સમાન છે. વાંચકોને અહી એક કીસ્સાની યાદ આપું છું, ઇમામ હુસેન (અ-સ)એ પોતાના ન્હાના પુત્ર અલી અસગરને મલાઇનો સામે કરબલામાં પોતાના હાથોમાં ઉંચકી લાવી ન્યાયના એજ સિદ્ધાંત ઉપર હુજ્જત તમામ કીધી હતી. આપે ફરમાવ્યું હતું કે જો તમારી નજરમાં હું ગુનેહગાર હોઉં તો મારા ઉપર જે ગુજારવું હોય તે ગુજારો; પરંતુ આ મઅસુમ બચ્ચાનો શો કસુર છે? પણ મલાઇનોએ ઇમામ હુસેન (અ-સ)ની એ વિનંતીને તુચ્છકારી કાઢી. ન્યાયના સિદ્ધાંત વિરૂદ્ધ અલી અસગરને સહીદ કર્યા; જેના માટે આપણે આજે તેરસો વરસ થયા તેમના ઉપર ધિક્કાર વરસાવી રહ્યા છીએ. એજ પ્રમાણે વડા મુલ્લાજીની નજરમાં જો ભાઇ અમીરૂદ્દીન ગુનેહગાર હતે તો તેમના સાથે વડા મુલ્લાજી ગમે તેવા વર્તાવ કરી શકતે; પરંતુ મી. અબ્દેઅલીના નિકાહને રોકવાનું વડા મુલ્લાજીનું પગલું તદ્દન અન્યાયી હતું; અંતે લાચારીએ મી. અબ્દેઅલીએ પોતાના નિકાહ સરીઅતના કાનુન મુજબ ઇસલામી કાજીના હાથ ઉપર પઢાવ્યા, કે તુરતજ વડા મુલ્લાજીએ તે નીકાહને બાતલ જાહેર કર્યા અને મી. અબ્દેઅલી તેમજ તેમના પત્ની ફાતેમાબાઇ તેમજ તેમના પીતા ભાઇ અમીરૂદ્દીન સાથેનો પોતાનો સંબંધ છુટો કર્યો. અંતે કેસ કોર્ટમાં જતા વડા મુલ્લાજીને પોતાની ભુલ દેખાઇ અને મજકુર નીકાહને કાયદેસરના કબુલ કરવા; ઉપરાંત હજારો રૂપીઆની રકમ ખરચ પેટે







આપવી પડી. શેઠ સાલેહભાઈ તૈયબજીનું ખાનદાન કે જે ખુદ વડા મુલ્લાજીના ખાનદાન સાથે જોડાએલ છે; છતાં તેમના અનેક એહસાનોનો વડા મુલ્લાજીએ આવો બદલો આપ્યો.


વાંચકો મજકુર મી. અબ્દેઅલીની પત્ની ફાતેમાં બાઈને ઓળખો છો? અહીં હું તેમની ટુંક ઓળખાણ આપું છું. સુરતના જાણીતા ચીબાવાલા ખાનદાનના શેઠ રજબઅલી ચીબાવાલાના બેટા શેઠ અબદુલઅલીની મજકુર ફાતેમાંબાઈ બેટી થાય છે. હાલના વડા મુલ્લાજીની દમન નીતિના કારણે સુરતના ભાઈઓ મુલ્લાજીથી સખત નારાજ હતા. તેથીજ વડા મુલ્લાજીને સુરત છોડી મુંબઈ વસાવવું પડયું હતું. તે સમયમાં સુરત ખાતે વડા મુલ્લાજીની આગતાસ્વાગતા કરવામાં ફકત એકજ ખાનદાન આગળ પડતો ભાગ લેતું હતું અને તે ઈસાભાઈ મોટાભાઈ વાલા તરીકે જાણીતા છે. શેઠ ઈસાભાઈ મોટાભાઈની ફર્મ જ્યારે પડી ભાંગી ત્યારે સુરત ખાતે વડા મુલ્લાજીની આગતાસ્વાગતાના પણ વાખા પડવા લાગ્યા, ત્યારે મજકુર શેઠ રજબઅલી ચીબાવાલા વડા મુલ્લાજીની વહારે ધાયા, ઈસાભાઈ મોટાભાઈ વાલાઓ વખતો વખત વડા મુલ્લાજી માટે સરઘસો કાઢતા, ગાડી ઉપર બેસતા અને નાતો જમાડતા. તેમની ખોટને શેઠ ચીબાવાલાએ પુરી કરી આપી અને શેઠ ચીબાવાલાએ પણ બરાબર ઈસાભાઈ મોટાભાઈ વાલાની નકલ કરવી શરૂ કરી. હજારો રૂપીઆનો વડા મુલ્લાજીના પછવાડે ધુમાડો કરવા માંડયો. વડા મુલ્લાજીની દરેક શાદી પછી અને બીજા પ્રસંગોએ વડા મુલ્લાજીને ચીબાવાલા શેઠ નદી ઉપરના તેમના બંગલામાં હનીમુન ગુજારવા આમંત્રણ આપતા અને વડા મુલ્લાજી તેમની પત્નીઓ સાથે ચીબાવાલા શેઠના બંગલામાં દરેક પ્રસંગે એકાદ બે માસ મહેમાન થઈ રહેતા, ત્યારે તેમનો અને તેમના સ્ટાફનો હજારો રૂપીઆનો ખર્ચ શેઠ ચીબાવાલા ઉપાડતા અને તેમની ખીજમત કરવામાં કશી કચાસ રાખતા





નહી. રાતના જ્યારે વડા મુલ્લાજી પોતાની પત્નીઓ સાથે ખિલવતમાં જતા ત્યારે શેઠ અબ્દુલઅલી ચીબાવાલા દરવાજા બાહેર ૧ કે ૨ વાગ્યા સુધી ખુરસી ઉપર બેસી રહેતા અને તેમના દરેક હુકમને બજાવવાને તૈયાર રહેતા. સને ૧૯૧૯માં જ્યારે વડા મુલ્લાજી ગુરદાની બીમારીમાં પટકાઇ પડયા હતા અને રામપુરાથી તેમને મરણતોલ હાલતમાં સુરત લાવવામાં આવ્યા; ત્યારે શેઠ રજબઅલી ચીબાવાલા તથા તેમના દીકરા શેઠ અબ્દુલઅલીએ વડા મુલ્લાજીની જાન અને માલથી અનુપમ ખીજમત કરી હતી. વડા મુલ્લાજીને પોતાના નાનપુરાના આલીશાન બંગલામાં તેમના કુટુંબ સહીત પોતાના ખરચે રાખ્યા, અને તેમની આખી માંદગી દરમીયાન દવાદારૂ વીગેરેનું તમામ ખર્ચ શેઠ ચીબાવાલાએ ઉપાડી લીધું હતું. શેઠ ચીબાવાલાની ખીઝમતેજ વડા મુલ્લાજીને ફરી જીવતદાન અપાવ્યું; તેનો વડા મુલ્લાજીએ એહસાન ફરામોશી કરીને આ બદલો આપ્યો કે તેમના બેટા શેઠ અબ્દુલઅલીની બેટી ફાતેમાંબાઇની શાદીમાં અટકાયત કરી. વાંચકો જરા વિચાર કરો, શેઠ અબદુલઅલી ધાર્મીક ભાવનાવાલા છે તેવણ વડા મુલ્લાજી તો શું પણ દરેક ભાઇ સાહેબોને પણ ફરીશતા જેવા માને છે. ઘણાજ નેક શાંત અને ઠંડા સ્વભાવના છે, તેમનો શો કસુર હતો કે તેમની બેટીના નિકાહને રોકવામાં આવે? બહેન ફાતેમાં પણ તદ્દન બેકસુર હતા, અને મી. અબદેઅલીનો પણ કાંઇ કસુર ન હતો છતાં વડા મુલ્લાજીએ મી. અમીરૂદ્દીન સાથેના ઝઘડાના કારણે શેઠ ચીબાવાલા કે જેમના ખાનદાને વડા મુલ્લાજી ઉપર અસંખ્ય ઉપકારો કર્યા હતા, તેમના ઉપર અત્યાચાર ગુજાર્યો; એટલુંજ નહી પણ હજુ સુધી તેમના ઉપર વડા મુલ્લાજીના જુલમો ચાલુજ છે. શેઠ અબ્દુલઅલીને ધમકાવીને તેમની બેટીની શાદી કે જે સરીઅત પ્રમાણેજ થઇ હતી અને ખુદ મુલ્લાજીને કોર્ટમાં એ વાતનો સ્વીકાર કરવો પડયો; છતાં મારી દીકરીના નિકાહ ખોટા છે એવું લખાવી લીધું; ઉપરાંત તેમના દીકરાની શાદી વખતે અનેક પ્રકારની





સતામણી કરવા પછી રૂા. ૪૦૦) ચારસો લઇને અને એક ગુલામીખત લખાવી લઇ નિકાહ પહડી આપ્યા અને વધુ એવું પણ દબાણ પુર્વક લખાવ્યું કે હું મારી બેટી તેમજ જમાઇ સાથે સંબંધ રાખીશ નહી; આટલું કર્યા પછી પણ હજુ સુધી વડા મુલ્લાજીની શેઠ ચીબાવાલા તરફની વેરની વસુલાત પુરી થઇ ન હોય તેમ હજુ પણ મજકુર શેઠની અનેક પ્રકારે સતામણી ચાલુજ છે. વડા મુલ્લાજીના પછવાડે ખુવાર થનાર અને કુરબાનીઓ કરનાર અને વડા મુલ્લાજીને નવાજીસો કરનારાઓ વડા મુલ્લાજીને ઉપલા દાખલાઓ પરથી ઓળખી લે અને સમો વર્તે સાવધાન! કહેવત પ્રમાણે સમજી જાય તો ઠીક, નહી તો તેમના પણ એવાજ હાલ થવાના છે.

હવે હું અમારા દીની ભાઇઓને પુછીશ કે આવી કંગાળ સ્થિતિમાં વોહરા કોમ ઇદિને કઇ રીતે ઉજવી શકે? વોહરા કોમને આવા ગુલામીના બંધનોમાંથી મુક્તિ મેળવેજ છુટકો. ત્યારે હવે કોમી બીરાદરો! એ મુક્તિ માટે પ્રયાસ નહી કરો? કોમની ઉપલી દયાજનક હાલતનો ચિતાર રજુ કરવા પછી હું મારા કોમી ભાઇઓને વિનવીશ કે ભાઇઓ! સંભાળપુર્વક વિચાર કરો, એકહથ્થુ સત્તા લઇ બેઠેલ ધર્મગુરૂ વર્ગ અને તેના એજંટોના હાથમાં તમારી આબરૂ મુકાએલી છે. મેં ઉપર લખેલ મઝલુમો ઉપર ગુજરેલા અત્યાચારોને શું તમો સંમતિ આપો છો? નહી તો પછી તમારી ચુપકીદી માટે ઇતિહાસમાં શું લખાશે? ભવિષ્યની ઔલાદ તમારા ઉપર ફીટકાર નહી વરસાવે? આજે જે હાલ બીજા તમારા ભાઇઓ અને બહેનોના મૈયતોના તથા શાદીમાં થઇ રહ્યા છે કાલે તમારી ઉપર







એવા જુલમો નહી ગુજરે તેની ખાત્રી શું ? તમારી ચુપકીદીથી જુલમગારોને ઉત્તેજન મલે છે. સમસ્ત વોહરા ભાઇઓને મારી વિનંતી છે કે જે ભાઇઓને સ્વાર્થીઓએ ઉંધે માર્ગે દોરવ્યા હોય તે હવે પછી એવા નિર્દય કાર્યોથી હાથ ઉઠાવે અને જે ભાઇઓ સમજીને ચુપકીદી ધારણ કરી બેઠા હોય તેઓ ખુલ્લી રીતે જાહેરમાં આવી આવા ઘાતકી અને અમાનુષિ અત્યાચારોને ધિક્કારી કાઢી પોતાનું અલગપણું જાહેર કરી કોમ તેમજ જાહેર પ્રજાને એમ બતાવી આપે કે વોહરા કોમમાં બધાજ અજ્ઞાનો નથી; પણ સચ્ચાઇને પારખનાર અને સચ્ચાઇ ઉપર મરી ફીટનારાઓ પણ કોમમાં મૌજુદ છે.

કુરબલામાં બનેલા ઘાતકી બનાવોને જો તમો ધિક્કારતા હો તો આજે તમારી નજર સામે બનતા તેવાજ અત્યાચારોને અટકાવવા હિમ્મતથી બાહેર આવો. અરે કોમમાં શરાબીઓ, સટ્ટાબાજો, જુગારીઓ, ઝીના કરનારાઓ, કોકેન, તપખીર વેચનારાઓ હરામના માલને પચાવી જનારાઓ કુદરતના કાનુન વિરૂદ્ધ આપઘાત કરી જાન દેનારાઓ, વેસ્યાના ઘરમાં મરી જનારાઓ, મસજીદ, જમાતખાના, જીયારતગાહો, મુસાફરખાના વગેરે વગેરેનો લાભ લેવા હકદાર ગણાતા હોય તેવા અને કબ્રસ્તાનમાં દફન થવાને હકદાર હોય તેવાઓને તે હક્કથી દુર રાખનારાઓ હોય; વળી કોમના ખેર ખવાહોના કુટુંબમાંની નિર્દોષ ઔરતની લાશને કબરમાંથી ખોદી કાઢી ફેંકી દેવામાં આવે અને બીજી અનેક લાશોને દફન કરતા અટકાવવામાં આવે ! આ કેટલું કરપીણ અને ભયકર કહેવાય ?





ભાઇઓ! હવે જલદીથી ચેતી જઇ એવા કાર્યો વિરૂદ્ધ પોકાર ઉઠાવો! નહી તો યાદ રાખજો! ખુદાતઆલાની લાકડીનો અવાજ નથી; એવું ન થાય કે આવા ભયંકર ગુનાહના કાર્યો કરવા અથવા ચલાવી લેવાના સબબે આપના ઉપર ખુદાનો કહેર નાઝીલ થાય.



અમારી એસોસીએશન તરફથી
પ્રગટ થએલ પુસ્તકો

1933

Mussalman Wakf Act
AND
The Dawoodi Bohra Community

IMPORTANT MEMORIAL

submitted

to the President and Members of the Parliamentary Joint Select Committee of Indian Reforms.

૧૯૩૪

"આઇનએ હક"

૧૯૩૭

દાઉદી વ્હોરા વકફ એન્ડ ટ્રસ્ટ વેલફેર એશોશીએનની છેલ્લા ચાર વરસની કારકિર્દીનો એહવાલ.

૧૯૩૮

"સદાએ-હક"

Printed at Kothari Printing Press, 67, Apollo St., Fort, Bombay.